GJAN080009962018

सत्यमेव जयते

ઉમરેઠના મહેરબાન એડિશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઉમરેઠ.

ક્રિમી.કેસ નં.૭૮૦/૨૦૧૮

આંક–

રાજેન્દ્ર મનુભાઈ દલવાડી

ઉ.વ.આ.૩૬, ધંધો:– નોકરી,

રહે. ૩૦૨, શ્યામ પ્લાઝા કોમ્પલેક્ષ, ૧૦૦ ફૂટ રોડ

મુ. આણંદ તા.જી.આણંદ. ...... **ફરીયાદી**

વિરૂધ્ધ

ભાવનાબેન બકુલભાઈ ધામેચા(દરજી)

(જય જલારામ ખમણ હાઉસ વાળા)

મુળ રહે. મીરા એવન્યુ, ગણપતી મંદીર પાછળ,

૮૦ ફૂટ રોડ, મુ. આણંદ તા.જી.આણંદ

હાલ રહે. પટેલ કોલોની, ચંદ્રભાણ એપાર્ટમેન્ટ ૩૦૧,

યોગેશ વાઢેરના ફ્લેટમાં, મુ.જામનગર ...... **આરોપી**

બાબત:– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ....

::

ફરીયાદપક્ષે : વિ.વ.શ્રી જી.એચ.ચૌહાણ

આરોપી તરફે : વિ.વ.શ્રી આર.બી.ચૌહાણ

::

<u>-:: ચુ કા દો ::-</u>

<u>(૧)</u> ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદી ઉપરોક્ત જણાવેલ ઠેકાણે રહે છે અને ઉમરેઠ મુકામે ઈન્ડુસઈન્ડ બેન્કમાં નોકરી કરે છે. આરોપીએ માજે ગામ આણંદ મુકામે વહેરાઈ માતા મંદીર પાસે આજથી આશરે ૬-૭ વર્ષ અગાવ જય જલારામ ખમણના નામે નાસ્તાની દુકાન કરી વેપાર ધંધો શરૂ કરેલ હતો. ફરીયાદી અવાર નવાર આરોપીની દુકાને નાસ્તો કરવા માટે જતાં આવતાં હોય આરોપી સાથે ફરીયાદીને પરિચય થયેલ અને ધીમેધીમે આરોપીની સાથેના સંબંધ ગાઢ થયેલા અને પરસ્પર વિશ્વાસ અને ભરોસાના સંબંધો કેળવાયેલ હતા. આરોપી અવાર નવાર તેઓના ધંધા અર્થ નાણાંની જરૂરીયાત પડતા ફરીયદી પાસેથી હાથ ઉછીનાં નાણાં લઈ જતાં હતાં અને નીયમીત રીતે પરત આપતાં હતા. જેથી ફરીયદીને આરોપી ઉપર સંપૂર્ણ વિશ્વાસ અને ભરોસો કેળવાયેલ હતો. ગત વર્ષ-૨૦૧૭ માં આરોપીએ ફરીયાદીને જણાવેલ કે આરોપી મોજે આણંદ મુકામે આવેલ જીટોડીયા રોડ ઉપર એક દુકાન વેચાણથી રાખી જીટોડીયા રોડ ખાતે નાસ્તાની દુકાન શરૂ કરવાનું વીચારે છે અને ફરીયાદીને જણાવેલ કે નાસ્તાના વેપારમાં ૬૦ ટકા જેટલો પ્રોફીટ પણ મળે છે તથા આરોપીએ એમ પણ જણાવેલ કે, "જો ફરીયાદી સદર નવા ધંધામાં મૂડી રોકાણ કરશુંતો અમોને જે નફો થશે તેમાંથી ૫૦ ટકા ભાગ આરોપી આપશે" જેથી ફરીયાદીએ વિચારીને જવાબ આપવાનું જણાવેલ. ફરીયાદી આરોપીને ૬-૭ વર્ષથી ઓળખતા હોય અને આરોપીનો નાસ્તાનો વેપાર પણ સારો ચાલતો હોય ફરીયાદીને આરોપીની વાત ઉપર વિશ્વાસ અને ભરોસો થયેલ અને ફરીયદીએ આરોપીને થોડા થોડા કરીને ફેબ્રુઆરી-૨૦૧૭ ના માસથી નવેમ્બર-૨૦૧૭ ના માસ

સુધીમાં રૂપીયા ૪,૫૦,૦૦૦/– અંકે રૂપીયા ચાર લાખ પચાસ હજાર પુરા થોડા થોડા કરીને રોકડેથી તથા આરોપીના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરીને આપેલ છે. ફરીયાદી આરોપીને ૬–૭ વર્ષથી ઓળખતા હોય આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી સદર નાણાં આરોપીને આપ્યા બાબતનું કે ભાગીદારીમાં ધંધો શરૂ કરવા બાબતનું કોઈ લખાણ જેતે વખતે તમો સાથે કરેલ ન હતું. પરંતુ સદર નાણાં આરોપીને આપવા છતાં આરોપીએ તેઓના કહેવા મુજબ જીટોડીયા રોડ ઉપર કોઈ દુકાન ખરીદેલ નહી કે નાસ્તાનો કોઈ વેપાર શરૂ કરેલ નહી જેથી ફરીયાદીએ આરોપીને અવાર નવાર આ બાબતે પુછતાં આરોપી ફરીયાદીને એમ જણાવતા હતાં કે, "દુકાન ખરીદવા માટે બાકીના નાણાં માટે અમોએ બેન્ક્યાં લોન મેળવવા કાર્યવાહી કરેલ પરંતુ હવે લોન મળી શકે તેમ નથી જેથી હવે જીટોડીયા રોડ ઉપર જે દુકાન ખરીદવાની વીચારણાં કરતાં હતાં તે બંન્ધ રાખેલ છે." આથી ફરીયાદીએ આરોપીને આપેલ નાણાં પરત માંગતા આરોપીએ જણાવેલ કે, હમણાં હાથ ઉપર નાણાં રહયા નથી ખર્ચ થઈ ગયા છે માટે સગવડ થશે ત્યારે તમારા નાણાં પરત ચકૂવી આપીશુ" એમ ફરીયાદીને જણાવેલ. ત્યારબાદ આરોપી પાસે અવાર નવાર નાણાંની ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયદીની લેણી રકમ પેટે તારીખ ૦૧/૦૨/૨૦૧૮ ના રોજનો બેન્ક અફ બરોડા આણંદ મેઈન શાખાનો રૂા.૪,૫૦,૦૦૦/– અંકે રૂપીયા ચારલાખ પચાસ હજાર પુરાનો ચેક નંબર ૦૦૦૦૪૭ વાળો ચેક આરોપીએ સ્વહસ્તે સહી કરી અમારા અસીલશ્રીના નામનો લખીને આપેલ અને સદર ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને તેવી પાકી ખાતરી અને ભરોસો આપેલકે સદર ચેક પાકતી તારીખ બાદ બેન્કમાં રજુ કરતાં ચેકના નાણાં ફરીયાદીને ચોક્કસ મળી જશે. આથી ફરીયાદીએ સદર ચેક પાકતી તારીખ ૦૧/૦૨/૧૮ નારોજ અમારા બેન્ક ખાતા ઇન્ડુસઇન્ડ બેન્ક લી. ઉમરેઠ શાખા ખાતા નં.૧૦૦૦૫૦૦૮૩૯૯૯ ખાતે જમા કરાવતા સદર ચેક તારીખ ૦૨/૦૨/૧૮ ના રોજનો ઇન્ડુસઈન્ડ બેન્ક લી.ના રીટર્ન મેમોમા જણાવેલ કારણ "ફન્ડસ ઇનસફીશીયન્ટ" ના શેરા સાથે સ્વિકારાયા વિના પરત ફરેલ. આથી સદર બાબતની જાણ કરવા સારુ તથા ફરીયાદીના લેણાં નાણાં આરોપી પાસેથી પરત મેળવવા સારૂ

ફરીયાદી આરોપીની આણંદ વહેરાઈ માતા મંદીર પાસે આવેલ દુકાને ગયેલ ત્યારે ફરીયાદીને જાણવા મળેલકે આરોપી સદર દુકાન ખાલી કરીને આણંદ ગામ છોડીને હાલ જામનગર મુકામે ઉપરોક્ત જણાવેલ ઠેકાણે રહેવા ચાલ્યા ગયેલ છે. આથી ફરીયાદીએ આરોપીને ફોન કરતાં આરોપી ફરીયાદીનો ફોન રિસીવ કરતાં નહતા તથા ફરીયાદીની લેણી રકમ પણ પરત કરતા નહોય ફરીયાદીએ આરોપીને અમારા માહીતગાર વકીલશ્રી મારફતે તારીખ ૦૬/૦૨/૨૦૧૮ નારોજ માંગણા નોટીસ પાઠવેલ જે નોટીસ આરોપીને તારીખ ૦૮/૦૨/૨૦૧૮ નારોજ બજી ગયેલ છે. તેમ છતાં આરોપીએ આજદીન સુધી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પરત ચુકવી આપેલ નથી તથા આજદીન સુધી નોટીસનો કોઈ પ્રત્યુત્તર પણ આપેલ નહોય જેથી ફરીયાદીને હાલની આ ફરીયાદ નામદાર કોર્ટ સમક્ષ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૨) ઉપર મુજબ ફરીયાદીની ફરીયાદ આરોપી સામે દાખલ કરવામાં આવતાં પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આરોપી સામે ધી નેગોશીયેબલ એકટ કલમ–૧૩૮ હેઠળ સમન્સ ઈસ્યુ કરેલ હતો. જે મુજબ આરોપીને સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં આંક–૦૭ થી આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતાં હાલનો કેસ ગુણદોષ પર આગળ ચલાવવામાં આવેલો.

(૩) હાલના કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

ફરીયાદી તરફે રજુ મૌખિક પુરાવા:–

ક્રમ	વિગત	આંક

૧.	ફરીયાદપક્ષે સાહેદ તરીકે ફરીયાદી રાજેન્દ્ર મનુભાઈ દલવાડીનાઓનું પુરાવાનું સોગંદનામું	૦૯

ફરીયાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા:–

ક્રમ	વિગત	આંક
૧.	આરોપીએ આપેલ ચેક અસલ	૧૨
૨.	ચેક રીટર્ન મેમો	૧૩
૩.	આરોપીને મોકલેલ નોટીસની સ્થળપ્રત	૧૪
૪.	નોટીસ ઘરના સરનામે મોકલ્યા અંગેની રજી.એ.ડી પહોચ અસલ સફેદ પાવતી	૧૫
૫.	એક્નોલેજમેન્ટ	૧૬
૬.	આરોપી વિરૂધ્ધ કરેલ લેખીત ફરીયાદની સ્થળપ્રત	૧૭
૭.	આરોપી વિરૂધ્ધ રજીસ્ટર પોસ્ટ મારફતે મુખ્યમંત્રીશ્રીને કરેલ ફરીયાદની આર.પી.એડી. ની અસલ પહોંચ	૧૮
૮.	આરોપી વિરૂધ્ધ રજીસ્ટર પોસ્ટ મારફતે આણંદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે કરેલ ફરીયાદની આર.પી.એડી. ની અસલ પહોંચ	૧૯

(૪) હાલનાં કામે દસ્તાવેજોને આંકે પડાવવા માટે ફરીયાદપક્ષે આંક–૧૧ થી અરજી આપતાં આ કામે નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦૦૧ (૨) જી.એલ.એચ. પાના નં ૫૪૫ બીપીન શાંતીલાલ પંચાલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોને ધ્યાનમાં લઈ અને તે આધાર અત્રેની કોર્ટ ધ્વારા આંક–૦૫ તળે હુકમ કરી નિ.૧૦/૧ અને નિ.૧૦/૮ વાળા દસ્તાવેજ ને અનુક્રમે આંક–૧૨ અને આંક–૧૯ આપવામાં આવેલ. ફરીયાદીનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદીએ આંક–૩૮ થી આ કામે કલોઝીંગ

પુરસીસ આપેલ છે.

(૫) ત્યારબાદ આ કામે ફરીયાદીનો પુરાવો પુરો થયા બાદ હાલનું કામ આરોપીના વિશેષ નિવેદન માટે રાખવામાં આવેલ. જે અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીને બચાવના સાહેદ તપાસવા છે અને સોગંદ પર જુબાની આપવી નથી તેવું જણાવતાં હાલના કામે દલીલના તબક્કે લેવામાં આવેલ.

ત્યારબાદ આ કામ પક્ષકારોની દલીલો માટે રાખવામાં આવતા ફરીયાદપક્ષના વિ.વ.શ્રી ની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે તથા આ કામે આરોપી કે તેમના વિ.વકીલશ્રી દલીલના તબ્બકે હાજર ન રહેતા તેઓનો આંક-૯૭ થી દલીલનો હકક બંધ કરવામાં આવે છે.

(૬) આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત તથા તેઓએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ તથા ફરીયાદપક્ષે કરવામાં આવેલી રજુઆતો ધ્યાને લેતાં સદર ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

::- મુદ્દા -::

૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી આરોપીને ૬-૭ વર્ષથી ઓળખતા હોય અને આરોપીનો નાસ્તાનો વેપાર પણ સારો ચાલતો હોય ફરીયાદીને આરોપીની વાત ઉપર વિશ્વાસ અને ભરોસો થયેલ અને ફરીયદીએ આરોપીને થોડા થોડા કરીને ફેબ્રુઆરી-૨૦૧૭ ના માસથી નવેમ્બર-૨૦૧૭ ના માસ સુધીમાં રૂપીયા ૪,૫૦,૦૦૦/- અંકે રૂપીયા ચાર લાખ પચાસ હજાર પુરા થોડા થોડા કરીને રોકડેથી તથા આરોપીના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરીને આપેલ અને તેની પરત ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને આંક-૧૨ વાળો વાદગ્રસ્ત ચેક આપેલ, જે ચેક

ફરીયાદીએ પોતાની બેંકના ખાતામાં કલીયરીંગ માટે નાંખતા સદર ચેક તા.૦૨/૦૨/૨૦૧૮ ના રોજના આંક–૧૩ વાળા રીટર્ન મેમા થી ''ફંડ ઈનસફીસીયંટ'' ના શેરા સાથે બેંકમાંથી વગર સ્વીકારાર્યે પરત ફરતા ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફતે આરોપીને આંક–૧૪ વાળી લીગલ નોટીસ, નોટીસ ઘરના સરનામે મોકલ્યા અંગેની રજી.એ.ડી પહોચ અસલ સફેદ પાવતી આંક–૧૫ આરોપીને સરનામે મળી ગયેલ હોવા છતા આરોપીએ ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપેલ ન હોવાથી આ કામના આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ નો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ

(૮) ઉપરના નિર્ણયો સુધી પહોંચવાનાં મારા કારણો નીચે મુજબ છે.

આ કામે પડેલાં પુરાવાઓનું ચર્ચા કરીયે તો આ કામે સૌપ્રથમ ફરીયાદપક્ષ સાહેદ તરીકે આ કામના ફરીયાદી જાતે હાજર રહી આંક–૦૯ થી પોતાની સોગંદ પર સરતપાસ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન ફરીયાદની હકીકત જણાવેલ હોય. જેથી તેનું પુરાવર્તન કરવું જરૂરી જણાતું નથી.

સદર કેસની ઉલટતપાસ આરોપીના વિ.વકીલ એન.એસ.ગોર તર્ફે જુબાની નોંધવામાં આવેલ છે જેમાં મુખ્યત્વૈ જણાવે છે કે, તેઓએ હાલનો કેસ

કર્યો તેના છ થી સાત વર્ષ પહેલા આરોપી ભાવનાબેનને ઓળખે છે. ભાવનાબેનને આણંદ મુકામે વેરાઈમાતાના મંદીર પાસે જલારામ ખમણ હાઉસના નામથી નાસ્તાની દુકાન હોય તેઓ અવાર નવાર ત્યાં નાસ્તા માટે જતા હોય તે રીતે તેઓની ઓળખણ થયેલી. તેઓ તે સમયે આણંદ મુકામે ૧૦૦ ફુટના રોડવાળા વિસ્તારમાં રહેતા હતા. તેઓના ઘરથી આરોપીના દુકાને જવામાં પાંચથી દસ મીનીટનો સમય થાય. એ વાત ખરી છે કે તેઓના ઘરથી આરોપીની દુકાન સુધી પહોંચતા બીજી નાસ્તાની દુકાનો આવે છે. આરોપીની દુકાને અવારનવાર નાસ્તો કરવાનુ કારણ આરોપીની દુકાન તેઓ શાકમાર્કેટમાં શાક લેવા જતા રસ્તામાં આવતી હોય ત્યાં નાસ્તો કરવા જતા હતા. આરોપીની દુકાન કેટલી મોટી છે તેનુ માપ તેઓને ચોક્કસ ખબર નથી. એ વાત ખરી નથી કે આરોપીની દુકાનમાં બેસીને અને બહાર ઉભા રહીને નાસ્તો કરાય તેવી સ્થિતિ નથી. તેઓએ આરોપીની દુકાનમાં બેસીને અને બહાર બેસીને ઘણી બધી વાર નાસ્તો કર્યો છે. આરોપી સાથે વિશ્વાસ અને ભરોસાનો સબંધ આરોપી સાથે વાતચીત અને પરીચયના કારણે કેળવાયેલો. એ વાત ખરી છે કે આરોપી બહેન વિધવા બહેન છે તે તેઓને ખબર છે. આરોપી બહેનના પતિ કેટલા વર્ષ પહેલા ગુજરી ગયા તેની તેઓને ચોક્કસ માહીતી નથી. એ વાત ખરી નથી કે ભાવનાબેન અને તેમના જેઠ અને ભત્રીજા સયુંક્ત રીતે આ દુકાન ચલાવે છે. તેઓને ચોક્કસ ખ્યાલ નથી કે દુકાનની માલીકી ભાવનાબેનના જેઠ લીલાધરભાઈની છે કે કેમ? એ વાત ખરી નથી કે આરોપીબેન માત્ર તેમના જેઠની દુકાનમાં સાફ સફાઈ કરવાનું અને ફરસાણ બનાવવામાં મદદ કરવા. પુરતુ જ કામ કરતા હતા. એ વાત ખરી છે કે ભાવનાબેન તેમની પોતાની બે દીકરીઓ સાથે પોતાના જેઠ સાથે સયુંક્ત કુટુંબમાં રહે છે. હાલના વ્યવહાર સિવાય આરોપીએ અગાઉ કેટલી વખત આરોપીએ હાથ ઉછીના પૈસા લીધેલા તે ચોક્કસ તેઓને યાદ નથી પરંતુ આરોપી અવારનવાર હાથ ઉછીના પૈસા લઈ જતા હતા. એ વાત ખરી છે કે કેટલા વર્ષથી આરોપી સાથે હાથ ઉછીના પૈસા આપવાનો વ્યવહાર કરતો હતો તે વાત તેઓએ તેઓની ફરીયાદ, નોટીસ અને સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી અગાઉ કેટલી વખત પૈસા લઈને પરત કરી

ગયેલા તેવી ચોક્કસ તારીખ સમયની વાત તેઓએ તેઓની ફરીયાદ, સરતપાસ અને નોટીસમાં જણાવેલ નથી. તેઓ અગાઉ હાથ ઉછીના પૈસા આરોપીને આપતા હતા તેની નોંધ રાખતા હતા. તેઓને આરોપી અગાઉના ઉછીના પૈસા પરત આપતા તેઓ ઉછીના પૈસા આપ્યાની નોંધ કાઢી નાખતા હતા. એ વાત ખરી છે કે તેઓએ આરોપી પાસેથી હાથ ઉછીના પૈસા આપ્યા અંગેનુ કોઈ લખાણ લીધુ નથી. એ વાત ખરી નથી કે આરોપી તેઓની પાસેથી ઉછીના પૈસા લેતા હતા ત્યારે તેઓ તેમની પાસેથી સિક્યુરીટી પેટે ચેક લેતા હતા અને આરોપી તે પૈસા પરત કરતા તેઓ તે સિક્યુરીટી વાળા ચેક તેમને પરત કરતા હતા. તેઓ આરોપીને ઉછીના પૈસા રોકડમાં અને તેમના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરીને આપતા હતા. આરોપી તેઓને અગાઉના ઉછીના પૈસા રોકડમાં પરત કરતા હતા અને અમુક વખત તેઓ તેઓના ખાતામાં પણ પૈસા જમા કરાવી દેતા હતા. એ વાત ખરી છે કે અગાઉના હાથ ઉછીના વ્યવહાર અંગે તેઓએ કોઈ બેન્ક સ્ટેટમેન્ટ રજુ કરેલ નથી. આરોપીને હાલના પૈસા જીટોડીયા રોડ ઉપર નવી દુકાન લઈને ધંધો કરવો છે અને તેમાં સાઈઠ ટકા જેટલો નફો કરશે તેવી વાત કરીને આરોપીએ તેઓની પાસેથી પૈસા લીધેલા, તેઓને જીટોડીયા પાસે જે દુકાન રાખવાની હતી તે બતાવવામાં આવેલ ન હતી. એ વાત ખરી છે કે તેઓએ જીટોડીયાની દુકાનના માપ વગેરે માટે આરોપી પાસેથી કોઈ ડોક્યુમેન્ટ માગ્યા નથી. એ વાત ખરી છે કે તેઓએ પૈસા આપતા પહેલા જીટોડીયાની દુકાનની બજાર કિંમત જાણવા અંગે કોઇ પ્રયત્ન કરેલ ન હતો. આ દુકાન ખરીદવા માટે આરોપીને કેટલા રૂપિયાની જરૂર છે તે જાણવા માટે તેઓએ પ્રયત્ન કરેલો અને જે કિંમત બધુ થઈને રૂપિયા દસ લાખ જેટલી હતી. તેઓને એ વાતનો ચોક્કસ ખ્યાલ નથી કે જીટોડીયા રોડ ઉપર અલગ અલગ જગ્યાએ રૂપિયા પચ્ચીસ થી ત્રીસ લાખ ચાલે છે કે કેમ ? આરોપીએ ચાર-પાંચ લાખ રૂપિયાની લોન બેન્કમાથી લેવાની હતી અને બાકીની પોતાની પાસેથી વ્યવસ્થા કરવાની હતી તેવુ તેઓને જાણવા મળેલ. એ વાત ખરી છે કે આરોપીએ તેઓની પાસેથી રૂપિયા સાડા ચાર લાખ ધંધામાં ભાગીદાર થવા માટે લીધેલી અને નફો થતા નફો અડધો અડધો વહેંચવા માટે વાત કરેલી. એ

વાત ખરી છે કે તેઓએ મૂડી રોકાણ કરીને દુકાન ખરીદવા માટે પૈસા આપેલા. તેઓએ આ રકમ આરોપીને ફેબ્રુઆરી–૨૦૧૭ થી નવેમ્બર–૨૦૧૭ ના અરસામાં આપેલી. એ વાત ખરી છે કે તેઓએ આ રકમ કઈ કઈ તારીખે આરોપીને ચુકવેલ તે તારીખ ફરીયાદ, નોટીસ અને સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. તેઓએ સાડા ચાર લાખ રૂપિયામાં કેટલી રકમ રોકડેથી આપી તે આજે તેઓને મોઢે યાદ નથી. તેઓએ બેન્ક ઓફ બરોડામાં આરોપીના ખાતામાં તેઓના ઈન્ડુસઈન્ડ બેન્ક અને તેઓના બેન્ક ઓફ બરોડાના ખાતામાંથી આરોપીને પૈસા ટ્રાન્સફર કરેલા છે. એ વાત ખરી છે કે બેન્કના ખાતામાં કેટલી રકમ ટ્રાન્સફર કરી તે તેઓને મોઢે યાદ નથી. તેઓને બેન્ક ઓફ બરોડા અને ઇન્ડુસઇન્ડ બેન્કમાં બચત ખાતા છે. તેઓને તેઓની બેન્કના બચત ખાતાના નંબરો મોઢે યાદ નથી. એ વાત ખરી છે કે ફેબ્રુઆરી–૨૦૧૭ થી નવેમ્બર–૨૦૧૭ સુધીના આરોપી સાથેના વ્યવહારો અંગેના બેન્ક સ્ટેટમેન્ટ કે લખાણ આ કામે રજુ કરેલ નથી. તેઓ ઇન્ડુસઇન્ડ બેન્કમાં ચારેક વર્ષથી બ્રાન્ચ મેનેજર તરીકે કાયમી નોકરી કરે છે. તેઓની નોકરીનો સમય સવારે દસથી બપોરના બે વાગ્યા સુધીનો છે પરંતુ કામના કારણે સાંજે છુટવાનો સમય નક્કી હોતો નથી. તેઓને માસિક રૂ. પચાસ હજાર જેટલો પગાર બેન્કમાંથી મળે છે. જે પગાર તેઓના ખાતામાં જમા થાય છે. એ વાત ખરી છે કે તેઓ બેન્કમાં બ્રાન્ચ મેનેજર તરીકે કામ કરતો હોય બેન્કના વ્યવહારનો તેઓને ખ્યાલ આવે છે. વ્યક્તિને રોકડ પૈસા આપવા હોય તો કેટલી રકમ રોકડ આપી શકાય તે અંગેની કોઈ મર્યાદા નથી. એ વાત ખરી નથી કે કોઇ પણ વ્યક્તિ સાથે રૂપિયા વીસ હજારથી વધુ રકમનો રોકડમાં વ્યવહાર થઈ શકે નહી. એ વાત ખરી છે કે હાલની ફરીયાદના વ્યવહારો માટે તેઓને આરોપી સાથે કોઈ લખાણ થયેલ નથી. એ વાત ખરી નથી કે તેઓને આરોપી સાથે પૈસાનો વ્યવહાર થયો નથી માટે લખાણ કરાવેલ નથી. એ વાત ખરી નથી કે બેન્કના પગાર સિવાય તેઓની પાસે બીજા આવકના સાધનો નથી. તેઓ સયુંક્ત કુટુંબમા રહે છે અને સયુંક્ત પરીવારની આવક તેઓના ભાઈ અમેરીકા હોઇ ચારથી પાંચ લાખ રૂપિયા માસિક આવક છે અને ટ્રાન્સપોર્ટનો પણ ધંધો કરે છે. એ વાત ખરી છે કે તેઓ ટ્રાન્સપોર્ટનો ધંધો કરે

છે તેવી બાબત ફરીયાદ, નોટીસ અને સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ઘરખર્ચ ચલાવવા માટે પગારની આવકમાથી પણ પૈસા ઉપાડવાના થાય છે. એ વાત ખરી નથી કે ફક્ત તેઓની પાસે પગારના પૈસા બેન્કમાંથી ઉપાડુ તેટલી જ રકમ હાથ ઉપર હોય છે. બીજા રોકડ પૈસા તેઓના ભાઇ મોકલે તેમાથી અને ટ્રાન્સપોર્ટના ધંધામાંથી આવે છે. તેઓના પરીવારમાં તેઓ, તેઓની પત્ની અને તેઓના બે સંતાનો અને તેઓના ભાઇ–ભાભી એમ કુલ છ સભ્યો છે. જેમાં તેઓનુ મોટુ સંતાન સાડા ત્રણ વર્ષની દિકરી છે. તેઓના છ સભ્યોનો માસિક ઘર ખર્ચ રુપિયા પંદર હજાર જેટલો થાય છે. હવે તેઓ કહે છે કે તેઓના ભાઇ ભાભી અમેરીકા રહે છે અને તેમનો ઘરખર્ચ જુદો થાય છે. તેઓની પાસે અવરજવર કરવા માટે મોટર સાઇકલ છે. તેઓને મોટરસાઇકલના પટ્રોલ માટે બેન્ક પૈસા આપે છે અને તે પેટ્રોલનો ખર્ચ માસિક હજાર પંદરસો જેટલો થાય છે. તેઓ ઘરની આવક જાવકનો હિસાબ રાખતા નથી. તેઓ ઇન્કમ ટેક્ષ રીટર્ન ભરે છે. એ વાત ખરી છે કે તેઓએ તેઓના આવકવેરા રીટર્નમાં આરોપીને પૈસા આપ્યા તેનો ઉલ્લેખ કરેલ નથી. તેઓએ પૈસાની ઉઘરાણી ડિસેમ્બર–૨૦૧૮ માં શરૂ કરેલી અને હવે કહે છે કે ડિસેમ્બર–૨૦૧૭ માં શરૂ કરેલી. હાલનો વાદગ્રસ્ત ચેક આરોપીએ તેઓને પોતાની દુકાને આપેલો. તેઓ ઉઘરાણી કરવા ગયેલા ત્યારે આરોપી ભાવનાબેન અને દુકાને તેમનો માણસ હાજર હતા. એ વાત ખરી છે કે આંક–૧૨ ના ચેકમાં આરોપીની સહી ગુજરાતીમાં છે. આરોપી અભણ છે કે કેમ અને તેમને અંગ્રજી લખતા વાંચતા આવડે છે કે કેમ તેનો તેઓને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૨ ના ચેકમાં સહી સિવાયની તમામ વિગતો અંગ્રેજી ભાષામાં છે. તેઓ ચોક્કસ કહી શકે નહી કે ચેકમાં સહી સિવાયનુ લખાણ એકજ સરખુ છે કે કેમ? ચેકમાં સહી સિવાયની વિગતો એક જ બેઠકમાં ભરવામાં આવેલ છે કે કેમ તે તેઓને ખ્યાલ નથી. એ તેઓ કહી શકે નહી કે આરોપીની સહીની ઇન્ક અને ચેકની વિગતોની ઇન્ક જુદી જુદી છે કે કેમ? એ વાત ખરી છે કે ચેક બેન્કમાં ડીપોઝીટ કરતા સમયે તેની પે સ્લીપ ભરવી ફરજીયાત છે. એ વાત ખરી છે કે આપણે ચેક આપણા ખાતામાં જમા કરાવ્યે તે કલીયરીંગ માટે આરોપીના ખાતામાં જાય. એ વાત ખરી છે કે આરોપીના

ખાતામાં જે સ્થિતિ હોય તે બાબતનો શેરો કરી બેન્ક પોતાનો રીટર્ન મેમો આપે છે. એ વાત ખરી છે કે તેઓએ ચેક ભર્યા અંગેની પે–સ્લીપનો અડધીયુ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામમાં બેન્ક ઓફ બરોડાનો રીટર્ન મેમો નથી. એ વાત ખરી છે કે આંક–૧૩ વાળો રીટર્ન મેમો ઇન્ડુસઇન્ડ બેન્કનો છે. એ વાત ખરી છે કે આંક–૧૩ માં કોઇ બેન્ક અધિકારીની સહી નથી. એ વાત ખરી નથી કે તેઓ આ બેન્કમાં નોકરી કરતા હોય કોમ્પ્યુટરમાં ઓનલાઇન પ્રિન્ટ આઉટ કરી આવો મેમો મેળવી શકે છે. એ વાત ખરી છે કે આંક–૧૩ ના રીટર્ન મેમામાં તેઓનુ નામ અને તેઓના ખાતાનો નંબર જણાવેલ નથી. એ વાત ખરી નથી કે હાલનો આંક–૧૩ નો ડોક્યુમેન્ટ રીટર્ન મેમો નથી. એ વાત ખરી નથી કે રીટર્ન મેમો અને એડવાઇઝ બે જુદી બાબત છે. એ વાત ખરી છે કે આંક–૧૭ વાળી ફરીયાદ તા.૦૫/૦૨/૨૦૧૮ ના રોજ તેઓએ આરોપી અને તેમના ભત્રીજા વિરુધ્ધ આણંદ ટાઉન પો.સ્ટે.માં આપી હતી. એ વાત ખરી છે કે આંક–૧૭ વાળી ફરીયાદ તેઓએ સમજી વિચારીને આપેલી. એ વાત ખરી નથી કે ફરીયાદમાં હાલના આરોપીને પૈસા આપ્યાની વાત જણાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૭ માં ચેક રીટર્ન બાબતની વાત જણાવેલ નથી. એ વાત ખરી છે કે ચેક તા.૦૧/૦૨/૨૦૧૮ ના રોજ રજુ કર્યો અને તા.૦૨/૦૨/૨૦૧૮ ના રોજ રીટર્ન થયો તે હકીકત આંક–૧૭ ની કરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૭ ની પોલીસ ફરીયાદમાં ચેકનો નંબર અને ચેકની વિગત જણાવેલ નથી. એ વાત ખરી નથી કે તેઓએ નોટીસમાં આરોપીને કઇ બેન્ક અને કઇ શાખાનો ચેક આપેલો તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ સ્વહસ્તે ચેકમા સહી કરીને આપેલ તેવી વિગત નોટીસમાં જણાવેલ છે. હાલનો વાદગ્રસ્ત ચેક તેઓએ તા.૦૧/૦૨/૨૦૧૮ ના રોજ બેન્કમાં ડીપોઝીટ કરેલો અને તે ચેક અપુરતા ભંડોળના કારણે તા.૦૨/૦૨/૨૦૧૮ ના રોજ પરત થયેલો. ચેક પરત થતા તેઓ આરોપીને મળવા ગયેલા અને આરોપી નહી મળતા તેઓએ વકીલ મારફતે તેમને નોટીસ મોકલાવેલ. તેઓએ આરોપી ના મળતા આજુબાજુ તપાસ પણ કરી હતી. તેઓ આરોપીની તપાસ કરવા ગયેલા ત્યારે આરોપીને તેઓએ ફોન કરેલો

પણ તેમનો ફોન બંધ હતો. એ વાત ખરી નથી કે આંક–૧૪ વાળી. નોટીસ આરોપીને બજેલ નથી. એ વાત ખરી છે કે એકનોલેજમેન્ટ સ્લીપમાં આરોપી ભાવનાબેનની સહી નથી. એ વાત ખરી છે કે આરોપીનુ કાયમી રહેઠાણનુ સરનામુ આણંદનુ છે પરંતુ તેઓ જામનગર પણ રહે છે. એ વાત ખરી છે કે આરોપીને આણંદના સરનામે કોઇ નોટીસ મોકલાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૦૫ થી સમન્સ બજાવવા માટે તેઓએ આણંદના સરનામે બીડો કાઢવા માટે અરજી આપેલ છે. એ વાત ખરી છે કે સમન્સની આર.પી.એ.ડી.ની સ્લીપમાં આરોપીની સહી નથી. એ વાત ખરી છે કે તેઓએ તેઓની ફરીયાદના પેરા–૯ માં એવુ લખાવેલ છે કે ચેક પરત થતા તેઓએ આરોપીની તપાસ કરતા આરોપી જામનગર રહેવા ચાલ્યા ગયા છે અને ફોન કરતા ફોન રીસીવ કરતા નથી તેમ જણાવેલ છે. એ વાત ખરી છે કે આંક–૧૭ ના પાના ત્રણના બીજા પેરામાં છઠ્ઠી લાઇનમાં એવુ જણાવેલ છે કે "સદર ચેક બેન્કમાં રજુ કરતા પહેલા જે તે ચેક બેન્કમાં ભરવા વિષે આરોપીને મળવા માટે તેઓની આણંદ વેરાઇમાતાના મંદીર પાસે આવેલ દુકાને ગયેલા." એ વાત ખરી છે કે આંક–૧૭ ની ફરીયાદમાં પાના ત્રણના પેરા ત્રણમાં એવુ જણાવેલ છે કે "ફરીયાદીએ આરોપીઓને મોબાઇલ દ્વારા સંપર્ક કરી તેઓના નાણાંની ઉઘરાણી કરતા ઉપરોક્ત બંને આરોપીઓએ તેઓ ફરીયાદીને જણાવેલ કે તમારા રૂપિયા પરત મળશે નહી તમારાથી જે થાય તે કરી લેજો અને જો ફરીથી નાણાંની ઉઘરાણી માટે ફોન કર્યો છે તો તારી વિરુધ્ધ પોલીસમાં ખોટે ખોટી ફરીયાદો કરી તારી ખોટી બદનામી તેવી અરજીઓ કરી હેરાન પરેશાન કરવા નાખીશુ અને જો જામનગર મુકામે નાણાં લેવા માટે કે ઉઘરાણી કરવા માટે આવીશ તો તને જાનથી મારી નખાવીશ તેમ કહી આરોપીઓએ તેઓ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધાક ધમકી આપી તેઓને બિભત્સ અને નઠારી ગાળો ભાંડેલી. "હું ચેક રીટર્ન થયા બાદ કેટલા દિવસે તેઓ તેઓના વકીલ સાહેબને મળવા ગયેલા તે કહી ના શકે. તેઓએ વકીલને ચેક રીટર્ન થયાની બધી હકીકતો જણાવેલી અને આગળની કાર્યવાહી માટે જણાવેલ. એ વાત ખરી નથી કે વકીલ સાહેબે નોટીસ લખવા માટેની બધી વિગતો તેઓને જણાવેલી. એ વાત ખરી છે કે આંક–૧૪ ની

નોટીસમાં તેઓની સહી નથી. એ વાત ખરી નથી કે તેઓએ આરોપીને કહેવાતી કોઈ રકમ આપી નથી તેમ છતા કોરા ચેકનો દુરઉપયોગ કરી આરોપી સામે ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે તેઓએ આરોપી સાથેના અગાઉના વ્યવહારો માટેના સિક્યુરીટી માટે લીધેલ ચેકનો દુરઉપરયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરી છે.

(૮.૧) ફરીયાદપક્ષ સાહેદ તરીકે ઈશાનકુમાર રમેશભાઈ પટેલને આંક–૩૭ થી પોતાની સોગંદ પર સરતપાસ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન ફરીયાદની હકીકત જણાવેલ હોય. જેથી તેનું પુરાવર્તન કરવું જરૂરી જણાતું નથી.

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી એન.એસ.ગોર દ્વારા ફરીયાદીના સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ. જેમાં તેઓ મુખ્યત્વે જણાવે છે કે, તેઓની બેન્કમાં ત્રણ વ્યક્તિનો સ્ટાફ છે. એ વાત ખરી છે કે સને ૨૦૧૮ માં તેઓની બેન્કના મેનેજર કોણ હતા તે તેઓ કહી શકે નહી. એ વાત ખરી નથી કે તેઓની બેન્કમાં ચાલુ અને બચત ખાતાની નોંધ ખાતાવહીમાં એકાઉન્ટ ઓફીસર કરે છે. જે તે વ્યક્તિનુ ખાતુ ગ્રાહક પોતે ઓપરેટ કરી શકે. એ વાત ખરી છે કે તેઓની બેન્કમાં અવારનવાર સ્ટાફની બદલીઓ થતી હોય છે. એ વાત ખરી છે કે જે તે સમયે તેઓ આ બ્રાન્ચમાં ફરજ ઉપર ન હોય હાલના ચેક વિષે જે તે સમયે શું કાર્યવાહી થયેલ તેનુ તેઓને અંગત જ્ઞાન નથી. તેઓની બેન્કમાં ચેક કલીયરીંગમાં મોકલવાનુ અને રીસીવીંગ કરવાનુ કામ તેઓ કરે છે. એ વાત ખરી છે કે તેઓની બેન્કમાં ચેકો જમા થાય તે ચેકો કલીયરીંગમાં મોકલવા પડે. એ વાત ખરી છે કે જે ચેક કલીયરીંગમાંથી જઈને પાછો આવે તેમાં ચેક સાથે કલીયરીંગનો મેમો આવે છે. એ વાત ખરી છે કે ચેક રીટર્ન થવાના અસંખ્ય કારણો હોઈ શકે. એ વાત ખરી છે કે અપુરતા ભંડોળ સિવાયનુ કોઈ કારણ આ રીટર્ન મેમામાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૧૩ નો પત્ર ચેક રીટર્ન મેમો નથી. અલગ બેન્કોના રીટર્ન મેમોમાં અલગ અલગ કારણો સહિતના છપાયેલા મેમા હોય છે. એ વાત ખરી છે કે

આંક–૧૩ માં અલગ અલગ કારણો દર્શાવતો હાલનો રીટર્ન મેમો નથી. એ વાત ખરી છે કે ઓરીજીનલ રીટર્ન મેમામાં ફરીયાદીનુ નામ અને ખાતા નંબર પણ બતાવેલ હોય છે. એ વાત ખરી છે કે આંક–૧૩ ના રીટર્ન મેમામાં ફરીયાદીનુ નામ અને ખાતા નંબર લખેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીના ખાતામાં ચેક જમા થાય તે ક્લીયરીંગ માટે ચેક આપનારના ખાતામાં જાય. એ વાત ખરી છે કે ચેક આપનારની બેન્ક ચેક આપનારની સ્થિતિ જોઇને જે તે શેરાનો રીટર્ન મેમો મોકલી આપે છે. એ વાત ખરી છે કે આરોપીનો બેન્કનો જુદો રીટર્ન મેમો આ કામે રજુ થયેલ નથી. એ વાત ખરી છે કે ચેક રીટર્ન થતા તે રીટર્નનો ચાર્જ ફરીયાદી પાસેથી વસુલ કરવામાં આવે છે. એ વાત ખરી નથી કે આ ચાર્જ વસુલવાની કાર્યવાહીને એડવાઇઝ કહેવાય છે. એ વાત ખરી છે કે તેઓની બેન્કે ફરીયાદી પાસેથી આ ચેક રીટર્નનો ચાર્જ વસુલ કર્યો હોય તેવો કોઇ લેખિત આધાર હાલના કામે રજુ કરેલ નથી. આ બેન્કનો ચેક રીટર્ન મેમો તેઓની મુખ્ય શાખામાંથી જનરેટ થઇને આવેલ છે. તેઓની મુંબઇની મેઇન બ્રાન્ચ સી.ટી.સી. ક્લીયરીંગનુ મુખ્ય હબ છે. એ વાત ખરી છે કે આંક–૧૩ ઉપર તેઓની બ્રાન્ચ મેનેજરની સહી અને તેમના હોદ્દાનો સિક્કો નથી. એ વાત ખરી છે કે ફરીયાદી તેઓની બેન્કનો કર્મચારી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ છ માસથી નોકરી ઉપર આવેલ હોય તેમને ઓળખતા નથી. તેઓની બેચરી શાખામાં અત્યારે ત્રણ કોમ્પ્યુટર છે. એ વાત ખરી નથી કે આંક–૧૩ નો રીટર્ન મેમો તેઓની શાખામાંથી પણ પ્રિન્ટ આઉટ થઇ શકે. એ વાત ખરી નથી કે ફરીયાદી તેઓની બેન્કમાં નોકરી કરતા હોય તેમના કેસને સમર્થન કરવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

<u>(૯)</u> ત્યારબાદ આ કામે ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૩૧૩ આરોપીનું વિશેષ નિવેદન નોધવા માટે કેસ મુકરર કરેલ અને આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીને બચાવના સાહેદ તપાસવા છે અને સોગંદ પર જુબાની આપવી નથી તેવુ જણાવેલ છે.

<u>(૧૦)</u> આ કામે પડેલાં પુરાવાઓનું મુલ્યાંકન કરતાં પહેલાં ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ (ક) તથા કલમ–૧૩૯ ના પ્રબંધો ધ્યાને લેવાં જરૂરી જણાય છે જે પ્રબંધો નીચે મુજબ છે.

કલમ–૧૧૮. વટાઉખત વિશે માની લેવાની બાબત:

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામા આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યુ હતું.

કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન:

વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

<u>(૧૧)</u> હવે આ કામે પડેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનો ફરીયાદીનો કેસ ધી નેગો.ઈન્સટ્રુ.કલમ–૧૩૮ હેઠળ દાખલ થયેલ છે. જેથી ફરીયાદપક્ષના શીરે પોતાનો કેસ સાબીત કરવાની જવાબદારી રહેલી છે. પરંતુ સાથે સાથે સદર કાયદામાં ફરીયાદપક્ષના લાભમાં કેટલાંક કાયદેસરનાં અનુમાનો કરવામાં આવેલ છે. જે અનુમાનોમાં ઉપર જણાવ્યા મુજબ કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ ના અનુમાનો મુખ્યત્વે છે. સદર કાયદા

મુજબના અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે રહેલી છે. એ સ્વીકૃત બાબત છે કે, સદર કાયદામાં જણાવેલ અનુમાનોનું ખંડન કરવા આરોપી માટે એ જરૂરી નથી કે આરોપીએ પોતાના બચાવ અંગેનો પુરાવો આપવા કોર્ટમાં હાજર થઈ સાક્ષી બોકસમાં ઉભા રહી પુરાવો રજુ કરવો જોઈએ. આ કાયદાકીય અનુમાનોનું ખંડન ફરીયાદપક્ષના રજુ થયેલાં પુરાવાઓ ઉપરથી પણ આરોપી કરી શકે છે.

(૧૨) હાલના કામે પક્ષકાર તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સૌપ્રથમ ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક-૦૯ થી સાહેદ તરીકે પોતાની સોગંદ પરની સરતપાસ રજુ કરેલ છે. ફરીયાદીએ પોતાની ફરીયાદને સમર્થન કરતા દસ્તાવેજી પુરાવા આંક-૧૨ થી આંક-૧૯ થી રજુ કરેલ અને સદરહુ દસ્તાવેજો સોંગદનામામાં આંક-૧૨ થી આંક-૧૯ સુધીના દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરેલા છે. વધુમાં આ કામે આંક-૧૩ થી રજુ ચેક રીટર્ન મેમો ધ્યાને લેતા તેમાં ચેક નં. ૦૦૦૦૪૭ રકમ રૂા.૪,૫૦,૦૦૦/- તે રીટર્ન થવાનું કારણ ''ફંડ ઈનસફીસીયંટ'' હોવાનું તથા તે ચેક રીટર્ન થયાની તા.૦૨/૦૨/૨૦૧૮ જણાય છે. સદર આંક-૧૨ થી રજુ તકરારી ચેક આંક-૧૩ રીટર્ન મેમા થી ''ફંડ ઈનસફીસીયંટ'' ના કારણે પરત ફરતા ફરીયાદી એ પોતાના વકીલશ્રી મારફત આરોપીને રજી. એડી. આંક-૧૪ વાળી લીગલ નોટીસ મોકલાવેલ જે આંક-૧૫ થી નોટીસ ઘરના સરનામે મોકલ્યા અંગેની રજી.એ.ડી પહોચ અસલ સફેદ પાવતી બજેલી હોવાનું જણાય છે આમ, આરોપીએ ફરીયાદીએ ચેકની રકમ ચુકવી આપેલ ન હોવાથી ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી વિરૂઘ્ધ દાખલ કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે સાબીત થાય છે.

વધુમાં હાલના કામે ફરીયાદીનું આંક–૦૯ થી સોગંદ પર સરતપાસ રજુ છે જેમાં તેઓએ મુખ્યત્વે ફરીયાદની હકીકતોનું પુનરાવર્તન કરેલ હોય જેથી સદર હકીકતોની અત્રે ચર્ચા કરવામાં આવતી નથી. વધુમાં આરોપી પક્ષની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો જેમાં તેઓએ મુખ્યત્વે હાથઉછીના પૈસા આપ્યા અંગેનું કોઈ લખાણ લીધેલ નથી, સિક્યુરીટી પેટે લીધેલ ચેકનો દુરઉપયોગ કરેલ છે, આરોપીને ઉછીના પૈસા રોકડમાં અને બેંકના ટ્રાન્ઝેક્શનના સ્ટેટમેન્ટ રજુ રાખેલ નથી અને તેઓની આર્થિક સક્ષમતા પર શંકા કરી બચાવ લીધેલ છે. વધુમાં હાલના કેસનો વ્યવહાર ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી આરોપીને નાસ્તાની દુકાન શરૂ કરવા રૂા.૪,૫૦,૦૦૦/– રોકડેથી તથા બેંક ખાતામાં ટ્રાન્સફર કરીને આપેલ છે અને તે રકમ માંગતા ફરીયાદીએ તેઓને હાલના કામે રજુ આંક–૧૨ વાળો ચેક આપેલો જે ચેક આરોપીના કહેવા મુજબ સિક્યુરીટી પેટે આપેલ અને તે અગાઉના બાકી વ્યવહાર પેટે આપેલ અને તેનો દુરઉપયોગ કરીને ફરીયાદીએ હાલનો કેસ દાખલ કરેલ છે. વધુમાં હાલના કામે બચાવપક્ષે લીધેલ મુખ્ય બચાવ ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી દ્વારા કોઈ લખાણ લીધેલું નથી અને આરોપીના ખાતામાં જમા કરાવેલ રકમના બેંકના ટ્રાન્ઝેક્શન રજુ કરેલ નથી. પરંતુ કલમ–૧૩૯ અને ૧૧૮ માં કરવામાં આવેલ અનુમાનોની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીનું લેણું કાયદેસરનું છે તે અનુમાન કરવાનું રહે છે અને આરોપી પક્ષ દ્વારા તેનું ખંડન કરવા માટે માત્ર બચાવ કે પ્રોબેબલ ડિફેન્સ ઉભા કરવા જરૂરી નથી પરંતુ તે બચાવના સમર્થનમાં પુરાવો આરોપીપક્ષે રજુ કરવાનો રહે છે જે હાલના કામે આરોપીપક્ષ રજુ કરી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આરોપીપક્ષનો સિક્યુરીટી પેટેના બચાવ અંગે ચર્ચા કરવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલતના **Aps Forex Services Pvt.Ltd. Versus Shakti International Fashion Linkers**(2021 (0) **AIR**(**SC**) 2814) ચુકાદામાં ઠરાવેલ છે કે,

7. Coming back to the facts in the present case and considering the fact that the accused has admitted the

issuance of the cheques and his signature on the cheque and that the cheque in question was issued for the second time, after the earlier cheques were dishon- oured and that even according to the accused some amount was due and payable, there is a presumption under Section 139 of the N.I. Act that there exists a legally enforceable debt or liability. Of course such pre- sumption is rebuttable in nature. However, to rebut the presumption the accused was required to lead the evi- dence that full amount due and payable to the com- plainant has been paid. In the present case, no such evidence has been led by the accused. The story put forward by the accused that the cheques were given by way of security is not believable in absence of further evidence to rebut the presumption and more particu- larly the cheque in question was issued for the second time, after the earlier cheques were dishonoured. Therefore, both the courts below have materially erred in not properly appreciating and considering the pre- sumption in favour of the complainant that there exists legally enforceable debt or liability as per Section 139 of the N.I. Act. It appears that both, the Learned Trial Court as well as the High Court, have committed error in shifting the burden upon the complainant to prove the debt or liability, without appreciating the presumption under Section 139 of N.I. Act. As observed above, Sec- tion 139 of the Act is an example of reverse onus clause and therefore once the issuance of the cheque has been

admitted and even the signature on the cheque has been admitted, there is always a presumption in favour of the complainant that there exists legallyenforceable debt or liability and thereafter it is for the accused to rebut such presumption by leading evidence.

આમ નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચુકાદામાં ઠરાવ્યા મુજબ જો આરોપીપક્ષ સિક્યુરીટી પેટેના ચેક બાબતનો બચાવ રજુ કરી તેઓનો પ્રોબેબલ ડિફેન્સ રજુ રાખતા હોય તો તેવા સંજોગમાં આરોપીપક્ષે તેના સમર્થનમાં પુરાવો આપવો આવશ્યક છે અને માત્ર સિક્યુરીટી પેટે આપેલ ચેક હોવાથી ફરીયાદીની ફરીયાદ રદ થવા પાત્ર બનતી નથી અને તે કાયદેસરનું લેણું નથી તેવું બતાવી શક્યા નથી. અને તે એક પુરાવાનો વિષય હોય જેથી નાણાંકીય વ્યવહારના અનુસંધાનમાં જામીનગીરી તરીકે અપાયેલ ચેકનો દરેક પરીસ્થિતિમાં નકામો કે વ્યર્થ કાગળ ગણી શકાય નહીં જેથી હાલના કામે આરોપીપક્ષનો સિક્યુરીટી પેટે આપેલ ચેકનો દુરઉપયોગ કરેલ હોવાનો બચાવ ટકવાપાત્ર નથી. વધુમાં આરોપીપક્ષ દ્ધારા ફરીયાદીની આર્થિક સક્ષમતા બાબતના બચાવને ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી ચાર વર્ષથી બેંકમાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરતા હોય અને તેઓ માસિક રૂ.૫૦,૦૦૦/– જેટલો પગાર બેંકમાંથી મેળવે છે તે હકીકત ઉલટતપાસમાં આરોપીપક્ષ રેકર્ડ પર લાવેલ છે. વધુમાં ફરીયાદી વ્યવહાર કરતા સમયે ચેક મુજબની રકમ આપવા સક્ષમ હતા તેવું રજુ રેકર્ડ પરથી જણાય આવતું હોય જેથી ફરીયાદીની આર્થિક સધ્ધરતા બાબતનો આરોપીપક્ષનો બચાવ અત્રે ટકવાપાત્ર રહેતો નથી. વધુમાં બચાવપક્ષ દ્ધારા કોરા ચેકમાં આરોપી ગુજરાતીમાં સહી કરતા હોવા છતા અંગ્રેજીમાં લખાણ અન્ય એ લખી ચેકનો દુરઉપયોગ કર્યાનો બચાવ આરોપીપક્ષે લેવામાં આવેલ છે પરંતુ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૨૦ માં કરેલ જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

Section 20 of the **Negotiable Instruments Act, 1881** governs "inchoate stamped instruments." It estab-

lishes that if a person signs and delivers a stamped, yet wholly blank or incomplete negotiable instrument (like a cheque or promissory note), they give the receiver *prima facie* authority to complete the instrument for any amount, provided it does not exceed the value of the stamp.

આમ ઉપરોક્ત જોગવાઈ ધ્યાને લેતાં કોઈ પણ વ્યક્તિ કોરા ચેકમાં લખાણ લખી બેંકમાં વટાવવા માટે જમા કરાવે છે કે અને તે અંગેનું અનુમાન કલમ–૧૧૮ માં આપવામાં આવેલ હોય જેથી આરોપીપક્ષનો બચાવ અત્રે ટકવાપાત્ર રહેતો નથી. વધુમાં આરોપીપક્ષ તેઓને નોટીસ કાયદાકીય જોગવાઈ મુજબ બજેલ ન હોવાનો બચાવ લીધેલ છે પરંતુ આરોપીએ સદર બચાવ પ્રથમ વખત ઉલટતપાસના સમયે લીધેલ હોય અને સદર બચાવ બાબતે કોઈ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી અને આરોપીને નોટીસમાં દર્શાવ્યા મુજબના સરનામે જ હાલના કેસનો સમન્સ બજેલ હોય અને આરોપી હાજર થયેલ હોય જેથી આરોપીનો સદર બચાવ પણ અત્રે ટકવાપાત્ર રહેતો નથી. આ સિવાય આરોપીપક્ષે કોઈ મહત્વનો બચાવ ઉલટતપાસમાં લીધેલ નથી. જેથી ફરીયાદીનું લેણું કાયદેસરનું છે તે હકીકત પુરવાર થાય છે અને આરોપી પક્ષે તેનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાય છે.

આ કામે ફરીયાદપક્ષે આંક–૩૭ થી બેંક સાહેદને તપાસેલ છે તેમાં તેઓએ બેંક રીટર્ન મેમો ઓળખી બતાવી તે અપુરતા ભંડોળના કારણે પરત ફર્યા હોવાની હકીકત જણાવેલ છે. સદર સાહેદની ઉલટતપાસમાં બચાવપક્ષે મુખ્યત્વે તેઓ ચેક પરત ફર્યા સમયે ત્યાં નોકરી કરતાં ન હતા અને બેંક રીટર્ન મેમોમાં સહી કે સિક્કા નહીં હોવાનું તથા ચેક રીટર્ન મેમોમાં અન્ય કારણ દર્શાવી અપુરતા ભંડોળનું કારણ માર્ક નહી કરેલ હોવાનો બચાવ લેવામાં આવેલ છે. પરંતુ આંક–૧૩ થી રજુ બેંક રીટર્ન મેમો વંચાણે લેવામાં આવે તો કોમ્પ્યુટર જનરેટેડ નકલ હોવાનું અને તેમાં સહીની જરૂર નથી તેવું દર્શાવેલ છે. વધુમાં તે રીટર્ન મેમો ઈન્ડસઈન્ડ બેન્કનો હોવાનું પણ જણાઈ આવતું હોય અને ફરીયાદી તેઓનું ખાતું ઈન્ડસઈન્ડ બેંકમાં ધરાવતા હોય જેથી તેવા સંજોગોમાં આરોપીપક્ષ દ્વારા સાક્ષીની ઉલટતપાસમાં લેવામાં આવેલ એક

પણ બચાવ ટકવાપાત્ર રહેતો નથી જેથી સદર સાહેદની ઉલટતપાસથી પણ આરોપીપક્ષ તેઓ ઉપર રહેલ અનુમાનોનું ખંડન કરવામા નિષ્ફળ ગયેલ છે.

વધુમાં આ કામે ફરીયાદી તરફે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં તા.૦૩/૦૧/૨૦૨૦ ના રોજ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં તેઓએ તમામ હકીકત નકારી કાઢેલ છે અને તેઓને બચાવના સાહેદમાં બેંક ઓફ અમુલ ડેરીના શાખાના કર્મચારીને તપાસવા છે તેવું જાહેર કરેલ છે. પરંતુ ત્યારબાદ તેઓએ આંક–૩૯ થી રજુ બેંકના સાહેદને બોલાવવાની સાક્ષી સમન્સની અરજી નોટ પ્રેસ કરેલ છે અને આંક–૫૫ થી અને ૫૬ થી પોલીસ સાહેદને બોલાવવાની અરજી દાખલ કરેલ છે. જે આંક–૫૫ વાળી અરજી તેઓએ નોટ પ્રેસ કરેલ છે અને આંક–૭૪ થી રજુ અરજી તળે હુકમ કરી અત્રેની અદાલત દ્વારા આણંદ ટાઉન પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીને હાજર રખાવવા હુકમ કરેલ છે. પરંતુ તે સાહેદને સમન્સ બજવા છતા તેઓ હાજર ન રહેતા આ કામના ફરીયાદીને તેઓના સાહેદને હાજર રાખવા સુચના આપેલ હતી. તેમ છતાં તેઓ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હતા. ત્યારબાદ હાલના કામે આંક–૭૬ થી તેઓ દ્વારા સદર સાહેદની સમન્સની બજવણી માટે હાથબીડાની અરજી રજુ રાખેલ જે અરજીનો ગુણદોષ પર નિકાલ કરી તેઓની અરજી નામંજુર કરી કેસમાં વિલંબ થતો હોવાથી તેઓના પુરાવાનો હક્ક અત્રેની અદાલત દ્વારા બંધ કરવામાં આવેલ. જે હુકમ સામે આ કામના આરોપી આણંદના મહેરબાન ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટ સમક્ષ રીવીઝન અરજી દાખલ કરેલી પરંતુ તે પણ નામંજુર કરી અત્રેની કોર્ટનો આંક–૭૬ તળે કરાયેલ હુકમ કાયમ રાખવામાં આવેલ. ત્યારબાદ સદર ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ સાહેબના હુકમ સામે નારાજ થઈ તેઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે અપીલ કરવા માંગતા હોય જેથી તેઓને આંક–૮૮ તળે થયેલ હુકમ દીન ૧૫ નો સમય આપવામાં આવેલ હતો પરંતુ તે કરવામાં પણ આરોપીપક્ષ આજદીન સુધી નિષ્ફળ નિવડેલ છે. આમ, ઉપરોક્ત તમામ ચર્ચા કર્યા અનુસાર તથા રજુ દસ્તાવેજી પુરાવો અને મૌખીક પુરાવો ધ્યાને લેતાં આ કામના ફરીયાદી દ્વારા સંબંધના નાતે થોડા થોડા કરીને ફેબ્રુઆરી ૨૦૧૭ થી નવેમ્બર ૨૦૧૭ સુધી હાથઉછીના

રૂા.૪,૫૦,૦૦૦/– આપેલ હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં આરોપીપક્ષ દ્વારા લેવામાં આવેલ તમામ બચાવ ઉપરોક્ત ચર્ચા કર્યા અનુસાર ટકવાપાત્ર રહેતા ન હોય અને કોઈ સઘળો પુરાવો રજુ કરી અનુમાનોનું ખંડન કરેલ નથી જેથી તેવા સંજોગોમાં ફરીયાદીનું લેણું કાયદેસર હોવાની હકીકત પુરવાર થાય છે.

(૧૩) ઉપર મુજબની તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપી ધ્વારા તેઓના પુરાવાના તબક્કે કોઈ પુરાવો રજુ ન કરી ફરીયાદીના કોઈ મહત્વના પુરાવાઓને પડકારવામાં કે ઈન્કાર કરવામાં આવેલ નથી. જેથી આરોપી ધ્વારા કાયદાની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ અન્વયેના કાયદેસરના અનુમાનોનું ખંડન કરવામાં આવેલ ન હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર થયેલ છે. જયારે આરોપી કાયદાકીય અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ જાય ત્યારે ફરીયાદી ધ્વારા પોતાની ફરીયાદના સમર્થનમાં ફરીયાદવાળા વ્યવહાર અંગે રજુ થયેલા પુરાવાઓને ન માનવાને કોઈ કારણ જણાતું નથી. વધુમાં આરોપી આ કામે કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના કાયદાકીય અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું પ્રથમ દર્શને ફલીત થાય છે. વધુમાં ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીને ફરીયદીએ થોડા થોડા કરીને ફેબ્રુઆરી–૨૦૧૭ ના માસથી નવેમ્બર–૨૦૧૭ ના માસ સુધીમાં રૂપીયા ૪,૫૦,૦૦૦/– અંકે રૂપીયા ચાર લાખ પચાસ હજાર પુરા થોડા થોડા કરીને રોકડેથી તથા આરોપીના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરીને આપેલ અને તેની પરત ચુકવણી પેટે આપેલ ચેક પૈકી રૂા.૪,૫૦,૦૦૦/– અંકે રૂપીયા ચાર લાખ પચાસ હજાર પુરાનો ફરીયાદવાળો આંક–૧૨ વાળો ચેક આપેલ અને તેના સમર્થનકારી પુરાવા રૂપે ફરીયાદીએ આંક–૧૨ થી આંક–૧૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. આમ, ફરીયાદવાળો

આંક–૧૨ વાળો ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હોવાનું તથા તે ચેક આ કામે આરોપી તરફે '' ફંડ ઈનસફીસીયંટ '' ના કારણોસર પરત ફરેલ હોવાની હકીકત આંક–૧૩ વાળા રીટર્ન મેમાના પુરાવાથી ફરીયાદીએ પુરવાર કરેલ છે. વધુમાં આંક–૧૨ થી આંક–૧૯ સુધીના દસ્તાવેજી પુરાવાઓથી ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકત પુરવાર કરેલ છે. વધુમાં ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૪૬ નો પ્રબંધ ધ્યાને લેતા પણ આંક–૧૩ થી રજુ થયેલ રીટર્ન મેમોએ ચેક રીટર્ન થયેલ હોવા અંગેનો પ્રાઈમરી પુરાવો હોય આંક–૧૨ વાળો ચેક ફંડ ઈનસફીસીયંટ હોવાના કારણે આરોપીના ખાતામાં થી વગર સ્વીકારાયે પરત ફરેલ હોવાનું પુરવાર થાય છે. તથા ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવ્યા પ્રમાણેની લેણી રકમ માટે આરોપીએ આ કામે પોતાનો કોઈ બચાવ રજુ કરેલ ન હોવાથી ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના કાયદેસરના અનુમાનોનું ખંડન આરોપીએ કરેલ નથી. જેથી પણ ફરીયાદીના લાભમાં તે કાયદેસરના અનુમાનો અત્રેની અદાલતે કરવાના રહે છે. આમ, આ કામે ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પેટે આરોપીએ આપેલ તકરારી ચેકની રકમ રૂા.૪,૫૦,૦૦૦/– અંકે રૂપીયા ચાર લાખ પચાસ હજાર પુરા આરોપીએ ફરીયાદીને નહીં ચુકવેલાની હકીકત પુરવાર થતી હોય આરોપીએ ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાની ફરીયાદીની ફરીયાદ હકીકત નિ:શંકપણે ફરીયાદીએ પુરવાર કરેલ છે.

જેથી ઉપર મુજબની તમામ ચર્ચા તથા હકીકતો અને સંજોગો ધ્યાને લઈ મુદ્દા નં. ૧ ફરીયાદીએ પોતાના પુરાવાથી પુરવાર કરેલ હોય તેનો નિર્ણય હકારમાં આપી મુદ્દા નં.૨ ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

-:હુકમ:-

આ કામનાં આરોપી **ભાવનાબેન બકુલભાઈ ધામેચા(દરજી)** મુળ રહે. મીરા એવન્યુ, ગણપતી મંદીર પાછળ, ૮૦ ફૂટ રોડ, મુ.આણંદ તા.જી.આણંદ હાલ રહે. પટેલ કોલોની, ચંદ્રભાણ એપાર્ટમેન્ટ ૩૦૧, યોગેશ વાઢેરના ફ્લેટમાં, મુ.જામનગરનાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના સબબ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલનું કામ આરોપીને કુદરતી ન્યાયના સિધ્ધાંત ધ્યાને લઈ સજાનાં મુદ્દે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૩૦ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ઉમરેઠ. **(પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ)**
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬ એડિશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ.
(JUDGE CODE GJ-01692)

D.M.Talpada-Steno.

–:સજા અંગે સાંભળ્યા:–

આ કામે આરોપીનો પોકાર કરાવતા તેઓ તેના વિ.વ.શ્રી આર.બી.ચૌહાણ મારફતે હાજર રહેલ અને જણાવેલ કે તેઓ સ્ત્રી માણસ હોય અને બાળબચ્ચાં વાળા વ્યક્તી હોય જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા અરજ છે. વધુમાં તેઓ આજરોજ આંક–૯૮ થી પુરસીસ રજુ રાખી તેઓએ કરેલ રીવીઝન અરજીમાં નામદાર સેશન્સ અદાલત દ્વારા કોઈ સ્ટે આપવામાં આવેલ નથી તથા તેઓએ કરેલ સ્પે. ક્રીમીનલ એપ્લીકેશનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પણ સ્ટે આપવામાં આવેલ નથી તેવી હકીકત જાહેર કરેલ છે.

ફરીયાદપક્ષ તરફે ફરીયાદીના વિ.વ.શ્રી જી.એચ.ચૌહાણનાઓનો પોકાર કરાવતા તેઓ કે આ કામના ફરીયાદી હાજર રહેલા નથી.

આ કામે ગુનાનો પ્રકાર તથા ફરીયાદપક્ષના રજુ થયેલા પુરાવા ધ્યાનમાં લેતાં આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળનો ગુનો સાબિત થયેલ છે. આ કામે આરોપી સાથેનો ફરીયાદવાળો વ્યવહાર ૨૦૧૭ ના અરસાનો હોય અને સબબ કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ થતાં સુધી ચાર વર્ષ થી વધુ નો સમય પસાર થઈ ચુકેલ છે. વળી, આજના સમયમાં આ પ્રકારના કેસો દિનપ્રતિદિન વધી રહેલાં છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો મુળભુત હેતુ, સમાજમાં નાણાંકીય વ્યવહારો સંબંધે પારદર્શિતા આવે અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ આપતા સમયે એકબીજા પ્રત્યે વિશ્વાસ અને ભરોસાની લાગણી જળવાય રહે, તે માટે જ આ કાયદો ઘડવામાં આવેલો છે. આ સંજોગોમાં આ ગુનાને હળવાશથી લઈ શકાય તેમ નથી. જેથી આ કામ આરોપીને ચેકની રકમનો દંડ કરી તે રકમ વળતર તરીકે ફરીયાદીને અપાવવું ન્યાયોચિત જણાય છે. વધુમાં આંક–૯૮ થી રજુ પુરસીસની હકીકત ધ્યાને લેતાં હાલના કામે આરોપી દ્વારા

કરેલ રીવીઝન અરજીમાં નામદાર સેશન્સ અદાલત દ્વારા કોઈ સ્ટે આપવામાં આવેલ નથી તથા તેઓએ કરેલ સ્પે. ક્રીમીનલ એપ્લીકેશનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પણ સ્ટે આપવામાં આવેલ નથી, જેથી હાલના કામે આજરોજ આખરી હુકમ કરવામાં આવે છે. આમ, આરોપીની રેકર્ડ ઉપરની ગેરહાજરી અંગેની વર્તણુંક ધ્યાને લેતાં આરોપીને પ્રમાણસરની સજા તથા ચેકની રકમનો દંડ કરવો ન્યાયોચિત જણાતું હોય અને તે રીતે હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે, તેમ મારું માનવું છે. જેથી આ કામે નીચે મુજબનો હુકમ કરું છું.

–:: આખરી હુકમ ::–

૧. આ કામનાં આરોપી **ભાવનાબેન બકુલભાઈ ધામેચા(દરજી)** મુળ રહે. મીરા એવન્યુ, ગણપતી મંદીર પાછળ, ૮૦ ફૂટ રોડ, મુ.આણંદ તા.જી.આણંદ હાલ રહે. પટેલ કોલોની, ચંદ્રભાણ એપાર્ટમેન્ટ ૩૦૧, યોગેશ વાઢેરના ફ્લેટમાં, મુ.જામનગરનાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫ (૨) અન્વયે તકસીરવાન ઠરાવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ **૧ (એક) વર્ષની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે આરોપીને વાદગ્રસ્ત ચેકની રકમ **રૂા.૪,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) નો આથી દંડનો** હુકમ કરવામાં આવે છે. વધુમાં સદર **દંડની રકમ ફરીયાદીને વળતર તરીકે ચુકવી આપવા** આથી હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ચુકવી આપવામાં કસુર કરે તો આરોપીએ વધુ દિન–૩૦(ત્રીસ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીના અગાઉના જામીનખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને ન્યાયિક હિરાસતમા લેવાનો હુકમ કરવામાં

આવે છે.

૪. આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજ રોજ તા.૩૦ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ઉમરેઠ
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬

(પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ)
એડિશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ.
(JUDGE CODE GJ-01692)

D.M.Talpada-Steno.